# SSE (Secondary) - 2025-26

કેટેગરી
**A**

કુલ સમય : 120 મિનિટ

કુલ ગુણ : 120

બેઠક નંબર :

| SSE-G | પ્રશ્ન પુસ્તિકા નંબર
QUESTION PAPER NO.
A 595741
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

## <u>પરીક્ષાર્થીઓ માટે સૂચના</u>

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. પ્રશ્નપત્રમાં કુલ ૧૨૦ પ્રશ્નો છે. (૧) ભાષા-સામાન્ય જ્ઞાન ૬૦ પ્રશ્નો તથા (૨) ગણિત-વિજ્ઞાન ૬૦ પ્રશ્નો છે. જે તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં અચૂક દર્શાવવી.

TargetExams®

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

# રફ કામ માટેનું પેઈજ

(1) સંધિની કઈ જોડ ખોટી છે ?

(A) દિક્ + અંબર = દિગંબર

(B) ને + અન = નયન

(C) ગંગા + ઉદક = ગંગાદક

(D) નિઃ + અક્ષર = નિરક્ષર

(2) 'દૃષ્ટિ' શબ્દ માટે યોગ્ય ધ્વનિશ્રેણી પસંદ કરો.

(A) દ્ + ઋ + ષ્ + ટ્ + ઇ

(B) ધ્ + ર્ + અ + ષ્ + અ + ટ્ + અ + ઈ

(C) દ્ + અ + વ્ + અ + ઉ + ષ્ + ટ્ + ઈ

(D) દ્ + ર + અ + ષ્ + ટ્ + અ + ઈ

(3) ગુણવાચક વિશેષણ ધરાવતું વાક્ય કયું છે ?

(A) તે આ દિશામાં ગયા.

(B) મારે શું કરવાનું છે ?

(C) મધમાખીને છ પગ હોય છે.

(D) રમેશ મારો પ્રિય મિત્ર છે.

(4) રવાનુકારી શબ્દ ધરાવતું વાક્ય કયું છે ?

(A) પહેલા યુદ્ધમાં ચતુરંગ સેનાનો ઉપયોગ થતો.

(B) કયો રાજા પોતાનો ઉત્કર્ષ ન ઇચ્છે ?

(C) ખટખટ કરતી એક ચકલી, ચટપટ એનું નામ.

(D) ચાલો સહુ જીતવા જંગ, બ્યૂગલો વાગે, યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.

(5) સમાન અર્થવાળુ વાક્ય શોધો : ભૂમિતિના શિક્ષક સમજાવવામાં સારા હતા, પણ મને કંઈ ગેડ જ ન બેસે.

(A) ભૂમિતિના શિક્ષક ખૂબ સારા હતા, પણ મને કંઈ સમજ જ ન પડે.

(B) ભૂમિતિના શિક્ષકની શીખવવાની રીત સારી હતી, પણ મને કંઈ સમજ ન પડે.

(C) ભૂમિતિના શિક્ષકની સમજણ સારી હતી, પણ મને કંઈ સમજાય જ નહીં.

(D) ભૂમિતિના શિક્ષકની મહેનત સારી હતી, પણ મને કંઈ ગેડ જ ન બેસે.

(6) શ્રીમાન : શ્રીમતી, સદ્‌ગૃહસ્થ : ?

(A) સમ્રાજ્ઞી

(B) સન્નારી

(C) સદ્‌ગ્રહસ્થી

(D) શ્રીગ્રહસ્થી



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

ગોપીપરુ

સુરત, 16-5-47

પ્રિય ભાઈ સુરેશ,

જન્મ દિવસે આવવાને માટે આમંત્રણ આપે છે. તે માટે હું સાચે જ આભારી છું. પણ સખેદ જણાવવાનું કે મારા પિતાજીની તબિયત સારી ન હોવાથી, આ માંગલિક પ્રસંગે આવી શકુ તેમ નથી. સ્થૂળ દેહે ભલે સમીપ ન હોય, પણ હૃદય તો તારી સન્મુખ જ છે.

આવનાર જન્મ દિવસની ખૂબ શુભેચ્છા ઈશ્વરની કૃપા બની રહે.

સદૈવ તારો

સુભાષ

આ પત્રના આધારે પ્રશ્ન નં. 7 અને 8 ના જવાબ લખો.

(7) પત્રનો મુખ્ય વિષય શું છે ?

(A) મિત્રને લગ્નનું નિમંત્રણ

(B) મિત્રની પ્રશંસા

(C) પિતાની તબિયતના સમાચાર

(D) મિત્રની વર્ષગાંઠ

(8) 'હમેશા' માટે આ પત્રમાં કયો શબ્દ વપરાયો છે ?

(A) સદૈવ

(B) સખેદ

(C) સન્મુખ

(D) સ્થૂળ

## <u>જીવનચરિત્ર</u>

કોઈ વિશિષ્ટ કે પ્રસિદ્ધ વ્યક્તિના જન્મ, ઉછેર, ઘડતર, સ્વભાવ, જીવનના મહત્ત્વના પ્રશ્નો ઈત્યાદિનો હેવાલ તે જીવનચરિત્ર. તેમાં એક જ વ્યક્તિના, તેના જન્મથી અવસાન સુધીના આયુષ્યની હકીકત હોય છે. ચરિત્રકાર ચરિત્રનાયકના આશયો, વ્યક્તિત્વ, સિદ્ધિઓ વગેરેનો વિવેકબુદ્ધિથી રજૂ કરે છે.

## <u>આત્મચરિત્ર</u>

આત્મચરિત્ર જીવનચરિત્રનો એક પ્રકાર જ છે. પણ તેમાં ચરિત્રનાયક પોતેજ ચરિત્રકાર હોય છે. આમ હોવાથી તેમાં લેખનની મર્યાદા આવે છે. તેમાં જીવનના શરૂઆતના પ્રસંગો અને છેક મૃત્યુ સુધીના હેવાલ યોગ્ય રીતે રજૂ કરી શકાય નહિ. વળી ચરિત્રકાર જાતે જ ચરિત્રનાયક હોવાથી સમતુલા, તટસ્થતા, પ્રામાણિકતાને ન્યાય આપવાનું સાચે જ અઘરું છે. ગાંધીજી જેવા ઉગ્ર સત્યનિષ્ઠાથી આત્મચરિત્રની સફળતા છે.

બંને ફકરા વાંચી તેના આધારે પ્રશ્ન 9 થી 11 ના જવાબ લખો.

(9) જીવનચરિત્ર અને આત્મચરિત્ર બંનેમાં સામ્ય શું છે ?

(A) બંને સાહિત્ય સ્વરૂપમાં માત્ર વિશિષ્ટ અને પ્રસિદ્ધ વ્યક્તિઓના જીવન, ઉછેર, ઘડતરની સરખામણી કરી તેને અહેવાલ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે.

(B) બંને સાહિત્ય સ્વરૂપમાં ચરિત્રનાયક અને ચરિત્રકાર એકબીજાના જીવન, ઉછેરનો અહેવાલ રજૂ કરે છે.

(C) બંને સાહિત્ય સ્વરૂપમાં કોઈ વ્યક્તિના જન્મ, ઉછેર, ઘડતરની વાત રજૂ કરવામાં આવે છે.

(D) બંને સાહિત્ય સ્વરૂપોમાં વ્યક્તિના જીવન અને ઘડતરને ગાંધીજીના જીવન સાથે સરખાવી રજૂ કરવામાં આવે છે.



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(10) જીવનચરિત્ર અને આત્મચરિત્ર બંનેમાં મુખ્ય તફાવત શું છે ?

(A) જીવનચરિત્રમાં ચરિત્રકાર અને ચરિત્રનાયક બંને જુદા છે જ્યારે આત્મચરિત્રમાં બંને એક જ વ્યક્તિ છે.

(B) જીવનચરિત્રમાં ચરિત્રકાર અને ચરિત્રનાયક બંને એક જ છે જ્યારે આત્મચરિત્રમાં બંને જુદા વ્યક્તિ છે.

(C) જીવનચરિત્રમાં ઘણા પ્રસિદ્ધ વ્યક્તિના જીવન વિશે વાત કરવામાં આવે છે જ્યારે આત્મચરિત્રમાં માત્ર પોતાના વિશે જ વાત કરવામાં આવે છે.

(D) આત્મચરિત્રમાં ચરિત્રનાયક તથા ચરિત્રકાર ગાંધીજી દ્વારા સફળ સાહિત્યસ્વરૂપનો આધાર લઈ અહેવાલ રજૂ કરે છે.

(11) આત્મચરિત્રની શું મર્યાદા છે ?

(A) ચરિત્રકારે અન્ય વિશે રજૂઆત કરવાની હોઈ યોગ્ય રજૂઆત થઈ શકતી નથી.

(B) ચરિત્રનાયક પોતે જ ચરિત્રકાર હોવાથી જન્મ કે મૃત્યુ જેવા પ્રસંગ વિશે રજૂઆત થઈ શકતી નથી.

(C) ચરિત્રનાયક અને ચરિત્રકાર બંને અલગ હોવાથી બંનેના મંતવ્યો ભિન્ન હોવાની શક્યતા રહેલી છે.

(D) ગાંધીજીના આત્મચરિત્રનો આધાર લઈ રજૂઆત કરવાની હોઈ યોગ્ય રજૂઆત થઈ શકતી નથી.

(12) યોગ્ય જોડકા જોડો.

| | |
|---|---|
| A. બાર ગાઉ એ બોલી બદલાય | (i) ભૂલ તરફ ધ્યાન ન આપવું |
| B. ન બોલ્યામાં નવ ગુણ | (ii) કંઈ કહી બે જણને લડાવવા |
| C. આંખ આડાકાન કરવા | (iii) ભારત દેશમાં ભાષાની ઘણી વિવિધતા છે. |
| D. મમરો મૂકવો | (iv) ઘણીવાર શાંત રહેવામાં જ સમજદારી છે. |

(A) A - (iv), B - (i), C - (ii), D - (iii)
(B) A - (iii), B - (iv), C - (i), D - (ii)
(C) A - (ii), B - (iii), C - (iv), D - (i)
(D) A - (i), B - (ii), C - (iii), D - (iv)

(13) સાચી જોડણી કઈ છે ?

(A) પરીસ્થિતિ
(B) પરિસ્થિતિ
(C) પરિસ્થીતિ
(D) પરિસ્થિતી

(14) 'પહેર્યા પીતાંબર, ફૂલની પછેડી, <u>ચુઆ</u>-ચંદન મહેકે.' પંક્તિમાં રેખાંકિત શબ્દ 'ચુઆ'નો અર્થ શું થાય ?

(A) ગુલાબ
(B) કેસર
(C) સુગંધી તેલ
(D) કપૂર



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS
Target@Exams

(15) જોડાક્ષર બાબતે સાચો વિકલ્પ કયો છે ?

(A) ક્ + શ = ક્ષ
(B) ગ્ + ય = જ્ઞ
(C) હ્ + ઋ = હૃ
(D) ત + ર = ત્ર

(16) 'શ્રવણ' શબ્દની સાચી ધ્વનિશ્રેણી કઈ છે ?

(A) શ્ + ર્ + અ + વ્ + અ + ણ્ + અ

(B) શ + ર્ + અ + વ્ + અ + ણ્ + અ

(C) ષ્ + ર્ + અ + વ્ + અ + ણ્

(D) શ્ + ર્ + અ + વ્ + અ + ણ્

(17) 'ભાળવણી' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) ભલામણ
(B) જાળવણી
(C) સાચવણી
(D) દેખરેખ

(18) 'તેમણે કોઈ દિવસ અમને એકેય ભાઈને તાડન કર્યું હોય તેવું મને સ્મરણ નથી.' – વાક્યમાં 'ક્રિયાવાચક સંજ્ઞા' શબ્દ કયો છે ?

(A) દિવસ
(B) કર્યું
(C) તેવું
(D) તાડન

(19) 'સમસમી જવું' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) હૃદયમાં દુઃખ થવું
(B) ધૂંધવાઈ જવું
(C) આનંદથી ગાંડાઘેલા થઈ જવું
(D) દુઃખથી રૂંવે રૂંવું થઈ જવું

(20) વિરુદ્ધાર્થી શબ્દોની કઈ જોડ ખોટી છે ?

(A) અકરાંતિયું x મિતાહારી
(B) સ્નિગ્ધ x કઠણ
(C) શાશ્વત x અનંત
(D) સાવધ x ગાફેલ

(21) ભાષાકીય રીતે શુદ્ધ વાક્ય કયું છે ?

(A) અમરતકાકીને થયું પોતે દીકરાને પત્ર લખ્યો તેજ મોટી ભૂલ કરી.

(B) અમરતકાકી : 'રાતે બત્તી હોય તો એને ઊંઘ નથી આવતી.'

(C) નેપ્કિન વતી મો લુછી નાખ્યું.

(D) દાક્તર અને સ્ત્રી વૉર્ડની મેટ્રન આવી પહોચ્યા.

TargetExams®
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(22) "સાંજ સમે શામળિયો" કાવ્યમાં શામળિયો ક્યાંથી આવતો હોય તેવું દર્શાવે છે ?

(A) ગોકુળ (B) મથુરા

(C) દેવભૂમિ દ્વારકા (D) વૃંદાવન

(23) "ચોરી અને પ્રાયશ્ચિત" પાઠનો પ્રસંગ શેમાંથી લેવામાં આવે છે ?

(A) ગાંધીજી : દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ

(B) ગાંધીજી : હિંદ સ્વરાજ

(C) ગાંધીજીની આત્મકથા : સત્યના પ્રયોગો

(D) ગાંધીજી : આરોગ્યની ચાવી

(24) 'Don't spit here.' એટલે.....

(A) અહીં થોભશો નહિ. (B) અહીં થૂંકશો નહિ.

(C) અહીં ધુમ્રપાનની મનાઈ છે. (D) અન્નનો બગાડ કરશો નહિ.

(25) Select correct option, Did you play cricket-yesterday in morning ?

(A) Yes, I play (B) Yes, I do

(C) Yes, I played (D) Yes, I will play

(26) મે'માન શબ્દમાં ઉપયોગમાં લીધેલ ' ચિહ્નને શું કહેવાય ?

(A) અવતરણ ચિહ્ન (B) લોપ ચિહ્ન

(C) અલ્પવિરામ (D) મહાવિરામ

(27) ................. सह सीता वनं गच्छंति

(A) रामेण (B) रामं

(C) रामाय (D) रामात्

(28) निम्नलिखित में से कौन-सा मुहावरा नहीं है ?

(A) नौ, दो, ग्यारह हो जाना। (B) चार चाँद लगना।

(C) छः आसमान पर होना। (D) पाँचों ऊँगलियाँ घी में होना।

(29) निम्नलिखित वाक्यों में से व्यक्तिवाचक संज्ञावाले वाक्य को चुनिए।

(A) सागर गहरा होता है। (B) सागर मेरा दोस्त है।

(C) मुझे पानी पीना है। (D) फूल सुगंध देता है।



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS
Target Exams

(30) शब्दकोश के क्रम के अनुसार तीसरा शब्द कौन-सा है ?

(A) सुगंध
(B) सूरज
(C) संबंधित
(D) साहित्य

(31) कौन-सी जोड़ी गलत है ?

(A) सेना, झुंड – समूहवाचक
(B) तेल, दूध – भाववाचक
(C) नदी, पर्वत – जातिवाचक
(D) भारत, हिमालय – व्यक्तिवाचक

(32) Choose the correct sentence.

(A) I am tired, so I worked hard.
(B) I am going to a doctor, so I am sick.
(C) You can wear shoes or sandals.
(D) You can take tea but coffee.

(33) Choose the correct spelling.

(A) Recieve
(B) Recive
(C) Receive
(D) Receve

(34) Arrange the sentences in a proper order.

1. fresh vegetables
2. went to the market
3. and bought
4. Soham and his mother

(A) 4, 3, 2, 1
(B) 4, 2, 3, 1
(C) 3, 2, 1, 4
(D) 2, 4, 3, 1

(35) વિશાલને પશ્ચિમબંગાળ થઈ હિમાચલ પ્રદેશ જઈ ત્યારબાદ ગુજરાત આવી કર્ણાટક જવુ છે તો રાજ્યોને ક્રમાનુસાર દિશાના ક્રમમાં ગોઠવો.

(A) પૂર્વ - પશ્ચિમ - ઉત્તર - દક્ષિણ
(B) પૂર્વ - ઉત્તર - પશ્ચિમ - દક્ષિણ
(C) પશ્ચિમ - ઉત્તર - પૂર્વ - દક્ષિણ
(D) પશ્ચિમ - પૂર્વ - દક્ષિણ - ઉત્તર



TargetExams
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(36) ભારતના બંધારણ માટે કયું વિધાન બંધબેસતું નથી ?

(A) બંધારણસભાના અધ્યક્ષ ડૉ. ભીમરાવ આંબેડકર હતા.

(B) બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ ડૉ. ભીમરાવ આંબેડકર હતા.

(C) ડૉ. ભીમરાવ આંબેડકર બંધારણના ઘડવૈયા તરીકે ઓળખાય છે.

(D) સરોજિની નાયડુ બંધારણસભાના મહિલા પ્રતિનિધિ સભ્ય હતા.

(37) 'દાંડીયાત્રા' કયા આંદોલનના ભાગરૂપે યોજાઈ હતી ?

(A) હિંદ છોડો આંદોલન
(B) સવિનય કાનૂનભંગ
(C) અસહકારનું આંદોલન
(D) ખિલાફત આંદોલન

(38) રણપ્રકારની જમીન કેવી હોય છે ?

(A) ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઊણપવાળી

(B) ચીકણી અને ઘેરા રંગની જે બાંગર તરીકે જાણીતી છે.

(C) ચીકણી, કસવાળી અને કાળી જે રેગુર તરીકે ઓળખાય છે.

(D) લોહતત્ત્વ અને સેન્દ્રિયતત્ત્વોવાળી, છિદ્રાળુ તથા ઉપજાઉ

(39) વર્ષ 2025 મહિલા ક્રિકેટ વિશ્વ કપ (વર્લ્ડકપ) ફાઈનલ કયા બે દેશો વચ્ચે યોજાઈ ?

(A) ભારત – પાકિસ્તાન
(B) ભારત – ઑસ્ટ્રેલિયા
(C) ભારત – સાઉથઆફ્રિકા
(D) ઈંગ્લેન્ડ – ન્યુઝીલેન્ડ

(40) કોની પ્રેરણાથી ગાંધીજીએ ભારતનો પ્રવાસ કર્યો ?

(A) સુભાષચંદ્ર બોઝ
(B) શ્રીમદ્ રાજચંદ્ર
(C) ગોપાળકૃષ્ણ ગોખલે
(D) ચંદ્રશેખર આઝાદ

(41) ગુજરાત સાથે કઈ ચિત્રશૈલી જોડાયેલ છે ?

(A) ફાડ
(B) ગોંડ
(C) પીઠોરા
(D) કલમકારી

(42) દખ્ખણના ઉચ્ચપ્રદેશને કર્ણાટકમાં કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) સહ્યાદ્રિ
(B) નીલગિરિ
(C) અન્નામલાઈ
(D) કોર્ડમમ્

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(43) યોગ્ય જોડ બનાવો.

| | | | |
|---|---|---|---|
| A. | ભરતનાટ્યમ્ | (i) | આંધ્રપ્રદેશ |
| B. | કથકલી | (ii) | ઓડિસા |
| C. | ઓડિસી | (iii) | તમિલનાડુ |
| D. | મણીપુરી | (iv) | કેરલ |
| E. | કુચીપુડી | (v) | મણીપુર |

(A) A - (i), B - (iii), C - (ii), D - (v), E - (iv)

(B) A - (iv), B - (i), C - (iii), D - (ii), E - (v)

(C) A - (ii), B - (iv), C - (i), D - (v), E - (iii)

(D) A - (iii), B - (iv), C - (ii), D - (v), E - (i)

- સરકારની નાની બચત યોજનાઓ સામાજિક વિકાસની સાથે લોકોના નાણાંની સલામતીના ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલી છે. આ યોજનાઓ આકર્ષક લાભ આપવા સાથે આવકવેરામાં રાહત અને અન્ય લાભો પણ આપે છે. નાની બચતના રોકાણો પર રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી લોનરૂપે ભંડોળ મળે છે, જે રાજ્યની વિકાસ યોજનાઓના અમલમાં ઉપયોગમાં લેવાય છે. એટલે નાની બચતમાં નાણા રોકનાર લોકો રાજ્યના વિકાસમાં પણ સહભાગી બને છે.

ઉપરોક્ત ફકરાના આધારે પ્રશ્ન 44 થી 45 ના જવાબ લખો.

(44) નાની બચત યોજના શરૂ કરવાનો હેતુ શું છે ?

(A) રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી ભંડોળ મળી રહે.

(B) નાણાં રોકનારને ઓછું વ્યાજ આપવાનું રહે.

(C) કેન્દ્ર સરકારને વધુ આવક થાય.

(D) સમાજની પ્રગતિ અને રોકાણની સલામતી.

(45) નાની બચત યોજનામાં નાણા રોકનાર કેવી રીતે રાજ્યની પ્રગતિમાં ભાગીદાર બને છે ?

(A) નાની બચત યોજનામાં નાણાની સલામતી મળે છે.

(B) નાની બચત યોજનામાં ઓછા નાણા સામે વધુ વ્યાજ મળે છે.

(C) નાની બચતના રોકાણ પર રાજ્યને કેન્દ્ર સરકાર ભંડોળ આપે છે જેનાથી રાજ્ય સરકાર પ્રગતિના કામ કરે છે.

(D) નાની બચત યોજનાથી નાણા રોકનારને આવકવેરામાં રાહત મળે છે.

TargetExams
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(46) ભારતની વિદેશ નીતિનો મુખ્ય સિદ્ધાંત શું છે ?

(A) અહિંસા (B) સહકાર

(C) નિઃશસ્ત્રીકરણ (D) વિશ્વશાંતિ

(47) ભારતના ઇતિહાસમાં 'મૈસુરના વાઘ' તરીકે ............... જાણીતા છે.

(A) નિઝામ (B) હૈદરઅલી

(C) ટીપુ સુલતાન (D) હુમાયુ

(48) સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય યુ.એસ.એ.નાં ................. શહેર ખાતે આવેલું છે.

(A) વોશિંગ્ટન (B) ન્યૂયોર્ક

(C) સેન ફ્રાન્સિસ્કો (D) શિકાગો

(49) કઈ નદીનું બેસીન ક્ષેત્ર મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વ્યાપ્ત છે ?

(A) તાપી (B) નર્મદા

(C) કૃષ્ણા (D) મહા નદી

(50) ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડે આવેલા સ્થળોના સ્થાનિક સમયમાં આશરે કેટલો ફરક છે ?

(A) અડધા કલાકનો (B) એક કલાકનો

(C) દોઢ કલાકનો (D) બે કલાકનો

(51) ભારતમાં સૌપ્રથમ ક્યાં શહેરો વચ્ચે રેલમાર્ગ શરૂ થયો ?

(A) મુંબઈ અને પુણે વચ્ચે (B) મુંબઈ અને થાણા વચ્ચે

(C) મુંબઈ અને સાતારા વચ્ચે (D) મુંબઈ અને સુરત વચ્ચે

(52) કઈ ક્રાંતિ વિશ્વના ઇતિહાસની એક અગત્યની ઘટના ગણાય છે ?

(A) અમેરિકન ક્રાંતિ (B) ફ્રેંચ ક્રાંતિ

(C) રશિયન ક્રાંતિ (D) જર્મન ક્રાંતિ

(53) ભારતના બંધારણમાં કુલ કેટલા અનુચ્છેદો અને પરિશિષ્ટો છે ?

(A) 285 અને 11 (B) 345 અને 8

(C) 461 અને 12 (D) 495 અને 13



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(54) દર વર્ષે કયા દિવસને 'માનવ હકદિન' તરીકે ઊજવવામાં આવે છે ?

(A) 12 જાન્યુઆરીના દિવસને

(B) 10 ડિસેમ્બરના દિવસને

(C) 1 ઑગસ્ટના દિવસને

(D) 10 ઑક્ટોબરના દિવસને

(55) ભારતના પડોશી દેશોના સંદર્ભે કઈ જોડી અયોગ્ય છે ?

(A) ચીન – ઉત્તર

(B) નેપાળ – ઉત્તર-પૂર્વ

(C) બાંગ્લાદેશ – પશ્ચિમ

(D) અફઘાનિસ્તાન – ઉત્તર-પશ્ચિમ

(56) આપેલાં વિધાનોમાં ખોટું વિધાન કયું છે ?

(A) ભારતની પૂર્વ-પશ્ચિમ લંબાઈ આશરે 2933 કિલોમીટર છે.

(B) ભારતની પ્રમાણસમય રેખા સાત રાજ્યોમાંથી પસાર થાય છે.

(C) ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

(D) ભારતની પ્રમાણસમય રેખા $82^{0}.30^{1}$ પૂર્વ રેખાંશવૃત્ત છે.

(57) નીચેનામાંથી કયું ખનીજ અધાતુમય ખનીજ છે ?

(A) મેંગેનીઝ

(B) ફ્લોરસ્પાર

(C) તાંબુ

(D) બૉક્સાઈટ

(58) કઈ નદીને 'દક્ષિણની ગંગા' કહેવામાં આવે છે ?

(A) કૃષ્ણાને

(B) મહાનદીને

(C) ગોદાવરીને

(D) કાવેરીને

(59) ગુજરાત વિધાનસભાના મકાનનું નામ જણાવો.

(A) વલ્લભભાઈ પટેલ ભવન

(B) નરસિંહ મહેતા ભવન

(C) વિઠ્ઠલભાઈ પટેલ ભવન

(D) મોહનદાસ ગાંધી ભવન

(60) કયા સત્યાગ્રહથી વલ્લભાઈ પટેલને સરદારનું બિરુદ મળ્યુ ?

(A) ચંપારણ્ય સત્યાગ્રહ

(B) બારડોલી સત્યાગ્રહ

(C) ખેડા સત્યાગ્રહ

(D) ઉપરોક્ત તમામ



TargetExams TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(61) દ્રવ્યના કણો સતત ગતિશીલ હોય છે. – કયું ઉદાહરણ આ વિધાનને અનુરૂપ નથી ?

(A) ઘરના એક ઓરડામાં સળગાવેલ અગરબત્તીની સુવાસ બીજા ઓરડામાં આવે છે.

(B) પાણી ભરેલા પ્યાલામાં શાહીનું ટીપું પાડતાં તે પાણીમાં પ્રસરી જાય છે.

(C) પાણીમાં નાખેલ મીઠાના કણ અમુક સમયે આપોઆપ પાણીમાં ઓગળી જાય છે.

(D) લાકડાના બ્લૉકને ધક્કો મારતા તે પોતાની જગ્યાએથી ખસી જાય છે.

(62) હવા, પાણી, રૂ અને ચૉકની ઘનતા અનુક્રમે D1, D2, D3 અને D4 હોય તો તેમની ઘનતાઓ વિશે શું સાચું છે ?

(A) D1 < D2 < D3 < D4

(B) D1 < D3 < D2 < D4

(C) D1 < D4 < D2 < D3

(D) D1 < D3 < D4 < D2

(63) ઘન કાર્બન ડાયોક્સાઈડને સૂકો બરફ કહે છે કારણ કે.....

(A) તેની બનાવટમાં પાણીનો ઉપયોગ થતો નથી.

(B) તે પાણીમાંથી બનેલ બરફ કરતાં વધુ ઠંડો હોય છે.

(C) તેને અડતા તે સૂકો હોવાનું જણાય છે.

(D) તેને ગરમ કરતા તે સીધો વાયુમાં રૂપાંતરિત થાય છે.

(64) ખાદ્યપદાર્થના એક પૅકેટ પર તેને 277 K તાપમાન પર રાખવાની સૂચના લખેલ છે. આ પૅકેટને તમારે કયા તાપમાનમાં રાખવું જોઈએ ?

(A) $0\ ^0C$

(B) $-4\ ^0C$

(C) $4\ ^0C$

(D) $-18\ ^0C$

(65) 400 ગ્રામ પાણીમાં 40 ગ્રામ મીઠું ઓગાળીને દ્રાવણ બનાવવામાં આવે છે. આ દ્રાવણ માટે 10% શાનું પ્રમાણ દર્શાવે છે ?

(A) દ્રાવણની દળ – દળથી ટકાવારી

(B) દ્રાવણની દળ – કદથી ટકાવારી

(C) દ્રાવણની કદ – કદથી ટકાવારી

(D) દ્રાવણની કદ – દળથી ટકાવારી

(66) પરફ્યૂમ સ્પ્રે કેવા પ્રકારના કલિલનું ઉદાહરણ છે ?

(A) સોલ

(B) જૅલ

(C) ઈમલ્શન

(D) ઍરોસોલ

(67) તત્ત્વોને તેમાં વર્ગીકૃત કરાતા નથી.

(A) અર્ધધાતુઓ

(B) મિશ્રધાતુઓ

(C) અધાતુઓ

(D) ધાતુઓ



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

Target@Exams®

(68) કોષના કયા ભાગમાં રંગસૂત્રો આવેલા હોય છે ?

(A) કોષકેન્દ્ર (B) કોષદીવાલ

(C) કોષરસ (D) કણાભસૂત્રો

(69) નાશ થવાને આરે હોય એવી ખોરાકની જૂની અંગિકાઓનું વિઘટન કોના દ્વારા થાય છે ?

(A) કોષકેન્દ્ર (B) ગોલ્ગી પ્રસાધન

(C) લાયસોઝોમ્સ (D) રિબોઝોમ્સ

(70) કાર A અને B એક જ સમયે એક જ જગ્યા પરથી ગતિ શરૂ કરે છે. પહેલા કલાકમાં કાર A અને B કાર અનુક્રમે 50 $km\ h^{-1}$ અને 55 $km\ h^{-1}$ ની ઝડપે અને ત્યાર પછીના અડધા કલાકમાં અનુક્રમે 40 $km\ h^{-1}$ અને 35 $km\ h^{-1}$ ની ઝડપે ગતિ કરે છે. આ બંને કારની ઝડપ માટે શું સાચું છે ?

(A) કાર B એ કાર A કરતાં વધુ ઝડપે ગતિ કરી છે.

(B) કાર A એ B કાર કરતાં વધુ ઝડપે ગતિ કરી છે.

(C) કાર A અને કાર B બંનેએ સમાન ઝડપે ગતિ કરી છે.

(D) કાર A અને કાર B ની ઝડપ વિશે સાચું અનુમાન શક્ય નથી.

(71) 1 kg દળવાળા એક પદાર્થને 1000 m ની ઉંચાઈ પરથી મુક્ત પતન કરાવવામાં આવે છે. આ પદાર્થ કેવી ગતિ કરશે ?

(A) અચળ વેગી ગતિ (B) નિયમિત પ્રવેગી ગતિ

(C) અનિયમિત પ્રવેગી ગતિ (D) નિયમિત વર્તુળાકાર ગતિ

(72) દરેક વસ્તુ પોતાની ગતિની અવસ્થામાં થતાં પરિવર્તનનો વિરોધ કરે છે. આ વિધાન ગતિના કયા નિયમ સાથે સંગત છે ?

(A) પહેલો નિયમ (B) બીજો નિયમ

(C) ત્રીજો નિયમ (D) ચોથો નિયમ

(73) એક ઉંદર, એક સસલું, એક કૂતરો અને એક ઘોડો એક સમાન વેગથી દોડી રહ્યાં હોય તો કોનું વેગમાન સૌથી વધારે હશે ?

(A) ઉંદર (B) સસલું

(C) કૂતરો (D) ઘોડો

(74) તે ખરીફ પાકનું ઉદાહરણ છે.

(A) ઘઉં (B) ચણા

(C) વટાણા (D) મકાઈ



TargetExams®
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(75) પાકને કયુ પોષકતત્ત્વ હવા અને પાણી બંનેમાંથી મળી શકે છે ?

(A) ઑક્સિજન
(B) પોટેશિયમ
(C) બોરોન
(D) નાઇટ્રોજન

(76) ગાયના દૂધમાંથી સૌથી ઓછા પ્રમાણમાં શું પ્રાપ્ત થશે ?

(A) પાણી
(B) પ્રોટીન
(C) ખનીજતત્ત્વો
(D) ચરબી

(77) LPG નું આખું નામ શું છે ?

(A) Liquid Petrol Gas
(B) Liquified Petroleum Gas
(C) Light Petrol Gas
(D) Light Petroleum Gas

(78) દબાણનો એકમ કયો છે ?

(A) મીટર$^3$
(B) પાસ્કલ
(C) ન્યૂટન
(D) કિગ્રા પ્રતિ મીટર$^3$

(79) કઈ ધાતુ ઓરડો (room) સામાન્ય તાપમાને પ્રવાહી સ્વરૂપમાં જોવા મળે છે ?

(A) સોડિયમ
(B) પોટેશિયમ
(C) મરક્યુરી
(D) મેગ્નેશિયમ

(80) રંગસૂત્રો શેના બનેલા હોય છે ?

(A) DNA અને પ્રોટિન
(B) RNA અને પ્રોટિન
(C) DNA અને વિટામીન
(D) RNA અને વિટામીન

(81) એક વસ્તુનો પ્રારંભિક વેગ 'b' છે t સમયમાં બદલાઈને અંતિમ વેગ 'c' થાય છે તો તેનો પ્રવેગ a કેટલો થાય.

(A) $a = \frac{b-c}{t}$
(B) $a = \frac{t}{b-c}$
(C) $a = \frac{c-b}{t}$
(D) $a = \frac{t}{c-b}$

(82) એક કણ 10 સેમી ત્રિજ્યાવાળા વર્તુળાકાર પથ પર ગતિ કરે છે તો આ કણ દ્વારા અડધા પરિક્રમણને અંતે થયેલું સ્થાનાંતર કેટલું થાય ?

(A) 0 સેમી
(B) 10 π સેમી
(C) 20 સેમી
(D) 20 π સેમી



Target@Exams

(83) ચાર મોટર A, B, C અને D સમતલ રોડ પર ગતિ કરી રહી છે. આકૃતિમાં તેમનો અંતર ⟶ સમયનો આલેખ દર્શાવેલ છે તેના આધારે નીચે આપેલ વિધાનોમાંથી કયું વિધાન સાચું છે.




(A) કાર A ની ઝડપ કાર D કરતાં વધુ છે.
(B) કાર B ની ઝડપ સૌથી ઓછી છે.
(C) કાર D એ કાર C કરતાં વધુ ઝડપી છે.
(D) કાર C ની ગતિ સૌથી ધીમી છે.

(84) 1 ઘન મીટર બરાબર કેટલા લિટર થાય ?

(A) 100
(B) 1000
(C) 10000
(D) 100000

(85) નીચેના પૈકી કયો નિલંબનનો ગુણ નથી ?

(A) નિલંબન સમાંગ મિશ્રણ છે.
(B) નિલંબન ધરાવતા કણો નરી આંખે જોઈ શકાય છે.
(C) નિલંબિત કણો તેમાંથી પસાર થતા પ્રકાશના કિરણોનું પ્રકીર્ણન કરે છે.
(D) જો નિલંબિત કણોને કોઈપણ ખલેલ પહોંચાડ્યા વગર મૂકી રાખવામાં આવે તો દ્રાવ્યના કણો પાત્રના તળિયે બેસી જાય છે.

(86) નીચેના પૈકી કયું સંયોજન નથી ?

(A) પાણી
(B) મિથેન
(C) તાંબુ
(D) ખાંડ

(87) કઈ કોષીય અંગિકા “આત્મઘાતી કોથળીઓ” તરીકે ઓળખાય છે ?

(A) અંતઃ કોષરસજાળ
(B) કણાભસૂત્રો
(C) રિબોઝોમ્સ
(D) લાયસોઝેમ્સ



TargetExams® TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(88) એક મોટરકાર પ્રથમ બે કલાકમાં 80 કિમી અને પછીના ત્રણ કલાકમાં 140 કિમી અંતર કાપે છે, તો મોટરકારની સરેરાશ ઝડપ કેટલી થાય ?

(A) 55 $ms^{-1}$

(B) 44 $ms^{-1}$

(C) 45 $ms^{-1}$

(D) 50 $ms^{-1}$

(89) રમેશ મોટર સાયકલ લઈને ઓફિસ જવા નીકળે છે. તે મુસાફરીના પ્રારંભના સમયે મોટર સાયકલના ઓડોમીટરનું અવલોકન 20410 km છે અને મુસાફરીના અંતમાં 20500 km છે. જો રમેશને મુસાફરી દરમિયાન લાગતો સમય 2 કલાક હોય, તો મોટર સાયકલની સરેરાશ ઝડપ કેટલી હશે ?

(A) 90 km $h^{-1}$

(B) 50 km $h^{-1}$

(C) 45 km $h^{-1}$

(D) 40 km $h^{-1}$

(90) નીચેના પૈકી કોનું જડત્વ સૌથી ઓછું છે ?

(A) રબરના દડાનું

(B) રબરના દડા જેટલા જ પરિમાણવાળા થર્મોકોલના ટુકડાનું

(C) રબરના દડા જેટલા જ પરિમાણવાળા લાકડાના ટુકડાનું

(D) રબરના દડા જેટલા જ પરિમાણવાળા પથ્થરનું

(91) 


આપેલ સંખ્યારેખામાં કયું બિંદુ $\sqrt{3}$ દર્શાવે છે ?

(A) O

(B) A

(C) P

(D) Q

(92) સંખ્યારેખાને વાસ્તવિક સંખ્યારેખા કહેવામાં આવે છે કારણ કે.....

(A) પ્રત્યેક વાસ્તવિક સંખ્યાનું સંખ્યા રેખા પર એક અનન્ય બિંદુ તરીકે નિરૂપણ કરી શકાય છે.

(B) પ્રત્યેક વાસ્તવિક સંખ્યાનું સંખ્યા રેખા પર એક કરતાં વધુ બિંદુ તરીકે નિરૂપણ કરી શકાય છે.

(C) સંખ્યા રેખાના કોઈપણ બિંદુ પર એક કરતાં વધુ વાસ્તવિક સંખ્યાનું નિરૂપણ કરી શકાય છે.

(D) વાસ્તવમાં આપણે સંખ્યારેખાને દોરીને દર્શાવી પડે છે.

(93) જો a અને n પ્રાકૃતિક સંખ્યાઓ હોય તો $(a^0)^n$ ................

(A) $a^n$

(B) 0

(C) 1

(D) n

(94) કઈ સંખ્યાની દશાંશ અભિવ્યક્તિ સાન્ત છે ?

(A) $\frac{7}{15}$

(B) $\frac{4}{33}$

(C) $\frac{5}{14}$

(D) $\frac{3}{11}$



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(95) બહુપદી $3x^3 + 2x^2 + x + 1$ માં 1 એ શાનો સહગુણક છે ?

(A) $x^0$ (B) $x$

(C) $x^0$ અને $x$ (D) 1 કોઈનો સહગુણક નથી

(96) સુરેખ બહુપદીને ઓળખો.

(A) $2x^2 + 7x - 4$ (B) $2x + 3$

(C) $2x + 3x^2$ (D) $5 - 3x + 4x^2$

(97) બહુપદી $p(x) = 2x^2 + 7x - 4$ નું એક શૂન્ય c હોય તો c = .............

(A) $-2$ (B) 2 (C) $-\frac{1}{2}$ (D) $\frac{1}{2}$

(98) $x + 2$ શાનો અવયવ નથી ?

(A) $2x + 4$ (B) $x^3 + x^2 - 2x$

(C) $x^2 + 3x + 2$ (D) $3x^2 + 4x - 2$

(99) બિંદુ અને ચરણની સાચી જોડ ઓળખો.

(A) (1, 3) – ચરણ I (B) (1, 3) – ચરણ II

(C) (–1, 3) – ચરણ III (D) (–1, –3) – ચરણ IV

(100) જો $a \neq 0$ અને $b \neq 0$ હોય તો સમીકરણ $ax + by + c = 0$ ના કેટલા ઉકેલ શક્ય છે ?

(A) અનન્ય (B) માત્ર એક

(C) માત્ર બે (D) અનંત

(101) 

આકૃતિ પરથી કયો ખ્યાલ સ્પષ્ટ થાય છે ?

(A) એક બિંદુમાંથી પસાર થતી માત્ર એક રેખા જ દોરી શકાય.

(B) બે ભિન્ન રેખાઓમાં એકથી વધુ સામાન્ય બિંદુ ન હોઈ શકે.

(C) બે ભિન્ન બિંદુમાંથી અસંખ્ય રેખાઓ હોય છે.

(D) બે ભિન્ન રેખા એકબીજાને ક્યારેય છેદે નહીં.



TargetExams
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(102) તે ભૂમિતિમાં આવતું અવ્યાખ્યાયિત પદ છે.

(A) સમતલ (B) કાટખૂણો

(C) સમાંતર રેખા (D) કિરણ

(103) $(\sqrt{a}+\sqrt{b})^2 =$ ....................

(A) $a^2 + b^2$ (B) $a^2 + 2ab + b^2$

(C) $a+2\sqrt{ab}+b$ (D) $a+b$

(104) $32^{\frac{2}{5}}$ ની કિંમત કેટલી થાય ?

(A) 16 (B) 4 (C) 8 (D) 25

(105) 


$\angle AOC + \angle BOC - 180^0 = ?$

(A) $180^0$ (B) $90^0$ (C) $60^0$ (D) $0^0$

(106) 


આપેલ બે ત્રિકોણ કઈ શરત અનુસાર એકરૂપ છે ?

(A) બાખૂબા (B) ખૂબાખૂ

(C) બાબાબા (D) ખૂખૂખૂ

(107) એક ચોરસનું ક્ષેત્રફળ $x^2 + 2x + 1$ ચો. સેમી છે તો તેની પરિમિતિ કેટલી થાય ?

(A) $x + 4$ સેમી (B) $4x + 1$ સેમી

(C) $4(x + 1)$ સેમી (D) $2(x + 1)$ સેમી



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(108) નીચેનામાંથી કયો ખૂણો વિપરીત કોણ છે ?

(A) $180^0$　(B) $360^0$　(C) $175^0$　(D) $225^0$

(109) $x^3-1$ ને $x+1$ વડે ભાગતા કેટલી શેષ વધે ?

(A) 1　(B) 0　(C) 2　(D) $-2$

(110) $\frac{1}{\sqrt{5}-\sqrt{3}}$ નું સંમેયીકરણ કરતાં શું મળે ?

(A) $\sqrt{5}+\sqrt{3}$　(B) $\frac{\sqrt{5}+\sqrt{3}}{2}$　(C) $\frac{2}{\sqrt{5}-\sqrt{3}}$　(D) $\frac{1}{\sqrt{5}+\sqrt{3}}$

(111) $\frac{11^{\frac{1}{4}}}{11^{\frac{1}{2}}}$ ની કિંમત શું મળે ?

(A) $11^{\frac{1}{4}}$　(B) $11^{\frac{-1}{2}}$　(C) $11^{\frac{1}{2}}$　(D) $11^{\frac{-1}{4}}$

(112) નીચેનામાંથી કયું બિંદુ સમીકરણ $2x-3y=5$ નો ઉકેલ છે ?

(A) $(2, \frac{1}{3})$　(B) $(3, \frac{1}{2})$　(C) $(-1, 1)$　(D) $(1, -1)$

(113) જો $x=1$ અને $y=2$ એ સમીકરણ $4x=k-5y$ નો ઉકેલ હોય, તો k ની કિંમત શોધો.

(A) 14　(B) $-6$　(C) $-14$　(D) 13

(114)




આકૃતિમાં દર્શાવેલ $\angle ABC$ અને $\angle CBD$ કયા પ્રકારના ખૂણાઓ છે ?

(A) કોટિકોણ　(B) પૂરકકોણ

(C) આસન્નકોણ　(D) રૈખિક જોડ



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

(115) $53^0$ માપના ખૂણાના કોટિકોણના પૂરકકોણનું માપ કેટલું થાય ?

(A) $37^0$ (B) $47^0$

(C) $143^0$ (D) $133^0$

(116) 

આકૃતિમાં રેખા AB અને રેખા PQ બિંદુ O માં છેદે છે. જો $\angle AOP : \angle POB = 8:7$ હોય, તો $\angle AOQ$ નું માપ કેટલું થાય ?

(A) 96 (B) 84

(C) 12 (D) 15

(117) પૂર્ણાંક સંખ્યાઓના જથ્થાને કયા સંકેત વડે દર્શાવવામાં આવે છે ?

(A) N (B) W

(C) Z (D) Q

(118) $12x^2 - 7x + 1$ ના અવયવ $(3x + m)(4x + n)$ હોય તો $m + n$ ની કિંમત કેટલી થાય ?

(A) – 2 (B) 2

(C) 1 (D) – 1

(119) નીચેનામાંથી કયું બિંદુ ચતુર્થ ચરણમાં આવેલું છે ?

(A) (– 6, – 2) (B) (6, 2)

(C) (6, – 2) (D) (– 6, 2)

(120) સરળકોણનું માપ કેટલા અંશ હોય છે ?

(A) $180^0$ (B) $180^0$ કરતા મોટું

(C) $90^0$ (D) $90^0$ કરતા નાનું

◆◆◆



TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

## રફ કામ માટેનું પેઈજ

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

# રફ કામ માટેનું પેઈજ

TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



TargetExams
TARGETEXAMS | FREE OLYMPIAD & SCHOLARSHIP PAPERS